

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-06 ■ તા. 18-2-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન મુખ્ય રાજકીય પક્ષોએ રૂ. ૨,૦૭૭.૮૧ કરોડ એકત્ર કર્યા અને ચૂંટણી સંબંધિત પ્રવૃત્તિઓ પર રૂ. ૨૮૮.૩૫ કરોડ ખર્ચ્યા



નવીદિલ્હી,તા.૧૭

દિલીપ પટેલ દ્વારા દેશની સર્વોચ્ચ અદાલતે ચૂંટણી ભંડોળ માટે ગુપ્તતા ન રાખવા અને હિસાબો જાહેર કરવા કહ્યું છે. પણ ભારતનું ચૂંટણી પંચ મૌન છે. તે રાજકીય પક્ષોની દાસી બની ગયું છે. ચૂંટણી પાછળ થતાં બેસુમાર ખર્ચાઓ ઉપર અંકૂશ લાવવા તૈયાર નથી. કે ખર્ચાય એવી ઈવીએમ - મશીન દ્વાર મત પ્રથા દૂર કરવા તૈયાર નથી. ગઈ વિધાનસભાની ચૂંટણીમાં અકલ્પનીય ખર્ચાઓ થયા હતા.

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન મુખ્ય રાજકીય પક્ષોએ રૂ. ૨,૦૭૭.૮૧ કરોડ એકત્ર કર્યા અને ચૂંટણી સંબંધિત પ્રવૃત્તિઓ પર રૂ. ૨૮૮.૩૫ કરોડ ખર્ચ્યા. એક વિધાનસભા બેઠક દીઠ રૂ.૧૧ કરોડનું ખર્ચ થયું હોવાનું અનુમાન છે. જેમાં સત્તાવાર ચૂંટણી પંચને એક વિધાનસભા દીઠ રૂ. ૧ કરોડ ખર્ચ તમામ પક્ષોએ કર્યું હતું. બિનસત્તાવાર અને છૂપા ખર્ચા દરેક બેઠક દીઠ રૂ. ૧૦ કરોડ જેવું હોવાનો મત હારેલા કેટલાંક ઉમેદવારો કહે છે. એક મત દીઠ રૂ.૩૫૦થી રૂ. ૫૦૦નું ખર્ચ આવતું હોવાનો તેમનો અનુભવ છે.

૨૦૨૪ની લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો પર તમામ પક્ષો જંગી ખર્ચ કરી શકે છે. રાજકીય પક્ષોના નેતાઓના અનુભવ પ્રમાણે લોકસભાની એક બેઠક પર પક્ષ દ્વારા રૂ.૫ કરોડ અને ઉમેદવાર દ્વારા રૂ.૨૦ કરોડનું સરેરાશ ખર્ચ થવાની ધારણા છે. જેમાં ચૂંટણી પંચ સમક્ષ જાહેર કરેલા ફંડ અને ન જાહેર કરેલાં ખર્ચનું છે. જેમાં દારૂનું અને નાસ્તાનું ખર્ચ તો હોય છે. પણ સામેના પક્ષોને ફોડવા અને અપક્ષોને તોડવા માટે જંગી ખર્ચ ઉપરાંત, સરપંચો, તાલાકા અને જિલ્લા પંચાયતના સભ્યો, જ્ઞાતિ અને ધર્મના નેતાઓને તોડવાનું મોટું ખર્ચ થાય છે. જે ક્યારેય બહાર આવતું નથી. આટલા જંગી ખર્ચ છતાં ગુજરાતાનું ચૂંટણી તંત્ર હાથ જોડીને તમાશો જોઈ રહ્યું હતું. કોઈની સામે કાનૂની પગલાં લીધા ન હતા. જ્યારથી નરેન્દ્ર મોદી મુખ્ય પ્રધાન બન્યા ત્યારથી ચૂંટણી અત્યંત ખર્ચાળ બની ગઈ છે. આટલી ખર્ચાળ ચૂંટણી ગુજરાત માટે જોખમી પુરવાર થઈ છે. કારણ કે ઉદ્યોગો ભરપુર પૈસા આપે છે અને સરકાર બનતાની સાથે જ વિજળી, બંદર, ખાણ અને ખનિજ, વેપાર, કેમિકલની ફેક્ટરી, બિલ્ડરો પોતાના ધાર્યા કામો કરાવે છે. જે મોટા ભાગે લોક હીતના હોતા નથી. પ્રજાને પરેશાની કરાવે એવા કામ હોય છે. જેમાં મુખ્ય વિજળી, કૃષિ પેદાશોના ઉદ્યોગો અને બંદર ઉદ્યોગ છે.

તમામ રાજકીય પક્ષો બેસુમાર ખર્ચાઓ કરી રહ્યાં છે. કુલ ખર્ચાની સામે સત્તાધારી પક્ષોનનું ૭૫ ટકા ખર્ચ હોય છે અને સામેના તમામ પક્ષોનું ખર્ચ માંડ ૨૫ ટકા હોય છે. અતિભારે ખર્ચા થાય છે ત્યારે તેને ફંડ આપનારા સામાન્ય લોકો કે ખેડૂતો કે મજૂરો નથી હોતા. ફંડ આપવાના ઉદ્યોગો અને ધનનાવો હોય છે. સરકાર બન્યા પછી તેઓ તેમના ફંડનું ૧૦ ગણું વળતર મેળવી દેતા હોય છે. પછી તે પ્રજા વિરોધી કામ કરીને તેનું શોષણ કરે છે. તેથી હવે ચૂંટણી પંચે જાહેર સભા પર પ્રતિબંધ મૂકીને સોશિયલ મિડિયા પર જ પ્રચાર કરવા અંગે ધ્યાન કેન્દ્રીય કરવું પડે એવી સ્થિતી આવીને ઊભી છે.તમામ રાજકીય પક્ષોની કેન્દ્રીય કચેરીઓ દ્વારા એકત્ર કરાયેલા સત્તાવાર કે જાહેર કરેલાં નાણાં રૂ. ૧,૯૪૩.૬૪ કરોડ હતા. ચૂંટણી પાછળ ખર્ચ માત્ર રૂ. ૧૧૦.૯૪ કરોડ હતો. પહેલા નંબર પર મુંબઈ અને પછી ગુજરાતમાંથી તમામ પક્ષો ભરપુર નાણાં મેળવે છે. ગુજરાત રાજ્યના તમામ પક્ષોએ રૂ. ૧૬૮.૬૫ કરોડ અને હિમાચલ પ્રદેશ રાજ્યના પક્ષોએ રૂ. ૮.૭૬ કરોડ ખર્ચ્યા હતા. આમ, ગુજરાતની ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી ખર્ચાળ હતી. એક વિધાનસભા દીઠ એખ કરોડનું ખર્ચ તો પક્ષો દ્વારા કરાયું હતું. જે ખર્ચ ચોપડે બતાવેલું નથી એ ખર્ચ તેનાથી ૧૦ ગણું હોવાનું અનુમાન છે. રૂ.૧૭૦૦થી રૂ.૨ હજારનું ખર્ચ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પાછળ થયું હોવાનું અનુમાન છે. એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ ના વિશ્લેષણ મુજબ, , ૧૧ પક્ષો દ્વારા એકત્રિત કરાયેલ કુલ રૂ. ૨,૦૭૭.૮૧ કરોડમાંથી, ભાજપે રૂ. ૧,૮૦૦.૭૨ કરોડ, કોંગ્રેસે રૂ. ૨૦૯.૪૬ કરોડ અને છછઁએ રૂ. ૫૯.૩૯ કરોડ એકત્ર કર્યા હતા. ૧૧ પક્ષોનો સંયુક્ત ખર્ચ રૂ. ૨૮૮.૩૫ કરોડ હતો. આ પક્ષો દ્વારા ખર્ચવામાં આવેલા નાણાંમાંથી ભાજપનો હિસ્સો રૂ. ૧૯૪.૮૯ કરોડ અથવા ૬૭.૫૯ ટકા, કોંગ્રેસનો હિસ્સો રૂ. ૬૭.૯૩ કરોડ અને છછઁનો રૂ. ૨૦.૨૧ કરોડ હતો.

બીજેપીના કિસ્સામાં, એકત્રિત કરાયેલા રૂ. ૧,૮૦૦.૭૨ કરોડમાંથી, તેના કેન્દ્રીય મુખ્યાલયે રૂ. ૧,૭૩૩.૪૯ કરોડ, તેના ગુજરાત એકમે રૂ. ૬૩.૮૧ કરોડ અને તેના હિમાચલ પ્રદેશ એકમે રૂ. ૩.૪૧ કરોડ એકત્ર કર્યા હતા. કોંગ્રેસ દ્વારા એકત્ર કરાયેલા રૂ. ૨૦૯.૪૬ કરોડમાંથી, તેના કેન્દ્રીય મુખ્યાલયે રૂ. ૧૪૩.૦૩ કરોડ, તેના હિમાચલ પ્રદેશ એકમે રૂ. ૧૯ કરોડ અને તેના ગુજરાત એકમે રૂ. ૪૭.૪૩ કરોડ એકત્ર કર્યા હતા. રાજકીય પક્ષોએ વિધાનસભા ચૂંટણી

# અખિલેશને મોટો ઝટકો,સપાના ૧૦ ધારાસભ્યો ભાજપમાં અને ૩ કોંગ્રેસમાં જોડાશે

નવીદિલ્હી,તા.૧૭

લોકસભા ચૂંટણી પહેલા સમાજવાદી પાર્ટીમાં મોટા ભાગલા થવાની સંભાવના છે. સપામાં વિભાજનને આગામી લોકસભા ચૂંટણીના પરિપ્રેક્ષ?યથી જોવામાં આવી રહ્યું છે. સૂત્રોનું માનીએ તો અખિલેશ યાદવની પાર્ટીના ૧૦ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે.

જ્યારે પાર્ટીના ૩ ધારાસભ્યો કોંગ્રેસમાં જોડાઈ શકે છે. રાજ્યસભા ચૂંટણીના મતદાનના દૃષ્ટિકોણથી પણ આ ભંગાણને અખિલેશ યાદવ માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.સૂત્રોનું માનીએ તો સપાના ધારાસભ્ય ઈન્દ્રજીત સરોજ સહિત સપાના અડધાથી વધુ વર્તમાન ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે. જો



ભાજપને રાજ્યસભાની ચૂંટણીમાં તેની જરૂર પડે તો, આ તમામ ધારાસભ્યો સપા વિરુદ્ધ ક્રોસ વોટિંગ કરી શકે છે. આ સિવાય સૂત્રોનું માનીએ તો, સપાના અમિતાભ વાજપેયી સહિત ત્રણ ધારાસભ્યો કોંગ્રેસમાં જોડાઈ શકે છે. આ તમામ ધારાસભ્યો લોકસભાની ચૂંટણી લડવાની તૈયારીમાં છે, તેથી જ તેઓ અન્ય પક્ષોની રાહ જોઈ રહ્યા છે.

જો કે છેલ્લા કેટલાક દિવસો દરમિયાન અખિલેશ યાદવની નજીકના ઘણા નેતાઓએ તેમને ચોંકાવી દીધા છે. સપાના ધારાસભ્ય અને અપના દળ કામેરાવાડી નેતા પલ્લવી પટેલે રાજ્યસભાની ચૂંટણીમાં પોતાની પાર્ટીના ઉમેદવારને વોટ આપવાનો ઈક્રાર કરી દીધો છે. તેમણે કહ્યું છે, કે પાર્ટી પીડીએની ફોર્મ્યુલા પર ચાલી રહી છે. તેમણે સપાના ઉમેદવારો જયા બચ્ચન અને આલોક રંજન પર સવાલો ઉઠાવ્યા છે.

રાજયસભાના ઉમેદવારોના નામાંકન બાદ સપામાં બળવો શરૂ થઈ ગયો છે. આ પહેલા સપા નેતા સ્વામી પ્રસાદ મૌર્યએ ઉમેદવારોના નામાંકન બાદ પાર્ટીના મહાસચિવ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તમને જણાવી દઈએ કે,યુપીમાં રાજ્યસભાની ૧૦ સીટો માટે ચૂંટણી થઈ રહી છે. આ ચૂંટણીમાં ભાજપે ૮ અને સપાએ ૩ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જયા બચ્ચન અને આલોક રંજન સિવાય સપાએ રામજી સુમનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

# રાજ્યસભાના ૪ ઉમેદવારોમાં ૨ ઉમેદવાર પાસે રિવોલ્વર, સૌથી વધુ સંપતિ ગોવિંદ ધોળકિયા પાસે




ગાંધીનગર,તા.૧૭

ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યસભાની ચાર બેઠક માટે પસંદ કરાયેલા ઉમેદવારોએ ગઈકાલે તેમના ઉમેદવારી પત્ર ભર્યા. ઉમેદવારી પત્ર ભરતા સમયે રજૂ કરેલ એફિડેવિટ અનુસાર સૌથી વધુ સંપતિ ગોવિંદ ધોળકિયા પાસે છે. ગોવિંદ ધોળકિયા પાસે ૨૧૦ કરોડની કુલ સંપતિ છે. આટલી બધી સંપતિ હોવા છતા ગોવિંદ ધોળકિયાના નામે એક પણ કાર નથી.

ગોવિંદ ધોળકિયા વર્ષે દહાડે ૩૫ કરોડથી વધુનો આવકવેરો ભરે છે. આ ઉપરાંત તેમના પત્નિ તરફથી પણ વર્ષે ૩ કરોડથી વધુનો આવકવેરો ભરવામાં આવે છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા હિમાચલ પ્રદેશના છે. પરંતુ તેઓ ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી રહ્યાં છે. ઉમેદવારી પત્ર ચકાસણી પૂર્ણ થતા અને તેમની ઉમેદવારી માન્ય ઠરતા જ, જે પી નડ્ડા સહીતના ભાજપના ચારેય ઉમેદવારો બિનહરિફ વિજેતા જાહેર થશે.

જે પી નડ્ડાએ ઉમેદવારી ભરતા સમયે રજૂ કરેલ એફિડેવિટ મુજબ તેમની અને તેમના પત્નિના નામે કુલ ૭ કરોડથી વધુની સંપતિ ધરાવે છે. તેમની પાસે ૧૯ કરોડની કિંમતની જમીન છે. તેમના નામે ઈનોવા પાર છે તો પત્નિના નામે ફોરચ્યુનર કાર છે.

ભાજપના ઉમેદવાર ડોકટર જસવંતસિહ વ્યવસાયે તબીબ છે. તેઓ તબીબ હોવા છતા ઈંગ્લેન્ડની વેબલી રિવોલ્વર ધરાવે છે. વ્યવસાયે તબીબ એવા રાજકારણી જસવંતસિંહને વેબ્લી રિવોલ્વર રાખવાની કેમ જરૂર પડે છે તે રાજકારણમાં આજકાલ ચર્ચાનો વિષય બન્યો છે.

જસવંતસિંહ પાસે કરોડોની સંપતિ છે. ઉમેદવારીપત્ર ભરતા સમયે રજૂ કરેલ સોગંદનામા અનુસાર, જસંવતસિંહે ૧ કરોડથી વધુનો આવકવેરો ભર્યો છે. તેમની પાસે પજેરો, મારુતિ કાર છે. તો તેમના પત્નિ પાસે નિશાન, ઓડી જેવી મોંધીદાટ કાર છે.

ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ મયંક નાયકના માથે ૪૦ લાખનું દેવુ છે. જો કે તેઓ ૧૧ કરોડની સંપતિના માલિક પણ છે. તેમના નામે ફોરચ્યુનર અને થાર એમ બે કાર છે તો તેમના પત્નિના નામે કોઈ વાહન નથી. ગુજરાત જેવા શાંત રાજ્યમાં વસતા મયંક નાયક ૩૨ બોરની રિવોલ્વર ધરાવે છે.

# વડાપ્રધાન મોદી સહિત અનેક મહાનુભાવો તરભ વાળીનાથ ધામમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપશે

મહેસાણા,તા.૧૭

મહેસાણાના તરભ વાળીનાથ ધામ ખાતે ૨૨ ફેબ્રુઆરીએ ભવ્યાતિભવ્ય મહોત્સવ યોજાવાનો છે. આ મહોત્સવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપસ્થિત રહેવાના છે.

વાળીનાથ મહાદેવ મંદિરના મહંત જયરામગીરી બાપુએ માહિતી આપી કે, દેશના અનેક મહાનુભાવ ૧૬ ફેબ્રુઆરીથી ૨૨ ફેબ્રુઆરી સુધી પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વાળીનાથ મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. ૧૬થી ૨૨ ફેબ્રુઆરી વચ્ચે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. દૈનિક ૩ લાખ



લોકો આ ઉત્સવમાં દર્શનનો લાભ લેશે. તો ૨૨ તારીકે પ્રાણ પ્રતિષ્ઠામાં ૫ લાખથી વધુ ભક્તો ઉમટે તેવી શક્યતાઓ છે.મોટી સંખ્યામાં આવનારા ભક્તોને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ છે. જ્યાં હજારો સ્વયં સેવકો સેવા બજાવશે. પોલીસકર્મીઓ સુરક્ષા ન લઈને સતર્ક રહેશે. મોટી સંખ્યામાં સાધુ સંતો મહંતો પણ ઉપસ્થિત રહેશે. ૧૬ ફેબ્રુઆરી થી ૨૨ ફેબ્રુઆરી દરમ્યાન રોજ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૧૦૦ કુંડીનો અતીરુદ્ર મહાયજ્ઞ યોજાશે.

આપને કહી દઈએ કે મહેસાણાના તરભ વાળીનાથ મહાદેવનો અનેરો ઈતિહાસ રહેલો છે. ભારતમાં આ એક માત્ર એવું મંદિર છે કે જ્યાં દેવાધી દેવ મહાદેવ મૂર્તિ સ્વરૂપે બિરાજમાન છે અને આ મૂર્તિ પણ સ્વયંભૂ પ્રગટ થયેલી હોવાની માન્યતા છે. આ સ્થાનકને રબારી સમાજની ગુરુગાદી માનવામાં આવે છે.

તંત્રી લેખ......

# ભારતીય સંસ્કૃતિને યથાર્થ ઠેરવતા પુરાવા

ભારત એક પ્રાચીન રાષ્ટ્ર છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ વિશ્વનું પહેલું રાષ્ટ્ર. ઋગ્વેદ વિશ્વ માનવતાનો પ્રાચીન શબ્દ પુરાવો છે. મહાભારત અને રામાયણ દુનિયાનાં પ્રતિષ્ઠિત મહાકાવ્ય છે. દર્શન, વિજ્ઞાન અને ગણિતમાં પણ ભારતની ઉલ્લેખનીય પ્રતિષ્ઠા છે. તેમ છતાં કથિત ઉદારવાદી અને ડાબેરીઓ અહીંના પ્રાચીન જ્ઞાનગ્રંથોને પણ કલ્પના ગણાવતા રહ્યા છે. જ્યારે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ એટલે કે એએસઆઈના ઉત્ખનનથી પ્રાપ્ત પુરાવા સભ્યતા અને સંસ્કૃતિને યથાર્થ સાબિત કરે છે. તાજા અહેવાલો પણ ઉત્સાહજનક છે. અદાલતે બાગપતના બરનાવામાં મહાભારત કાળના લાક્ષાગૃહની ઓળખ કરી છે. ૧૯૫૩માં ખોદકામ દરમ્યાન અહીં લગભગ ૪૫૦૦ વર્ષ જૂની પુરાતાત્વિક મહત્ત્વ ધરાવતી સામગ્રી મળી. ૧૯૭૦માં ઉત્તર પ્રદેશ વક્ફ બોર્ડે તેને મજાર અને કબ્રસ્તાન ગણાવી દીધું. હિંદુ પક્ષનો દાવો હતો કે તે પાંડવોનું લાક્ષાગૃહ છે. અહીં દુર્યોધને પાંડવોને સળગાવી દેવાનું ષડયંત્ર રચ્યું હતું. લાક્ષાગૃહ સાથે જોડાયેલી સુરંગ પણ મળી છે. પાંડવો આ જ સુરંગથી બચી નીકળ્યા હતા. અહીં પ્રાચીન વાસણો અને અન્ય પુરાવા પણ મળ્યા છે. હવે મહાભારત કાળનું વિશિષ્ટ સ્થાન મળ્યું છે. વક્ફ બોર્ડ હિંદુ ઉપાસના કેન્દ્રો અને સંપત્તિઓ પર નિરાધાર દાવા માટે કુખ્યાત છે. હંમેશાં તેણે એ સ્થળો પર પણ દાવો કર્યો, જેનો ઈતિહાસ દેશમાં ઈસ્લામના આગમન કરતાં ય જૂનો છે. તેથી સેના અને રેલવેની સંપત્તિ બાદ દેશમાં સૌથી મોટી ભૂસંપદા વક્ફ પાસે છે. બોર્ડ લગભગ ૧૦ લાખ એકર જમીનનું માલિક છે.

## પત્રાવળી-૩૩




પત્રાવળીના પ્રિય સાથીઓ,

'કેમ છો?' લખીને તમારી કુશળતા પૂછું ત્યાં તો અંદરથી જ જવાબ મળી ગયો કે, સૌના પત્રો મળે છે તે જ બતાવે છે કે સૌ ક્ષેમકુશળ છો. બરાબર ને? પણ હવે અહીં સવાલ એ થાય છે કે, આ અંદરથી જવાબ કોણ આપતું હશે? બહુ ગહન વિષય છે, નહીં ? હા, પણ મારે કોઈ ગંભીર, સમજવી મુશ્કેલ વાતો તરફ વળવું નથી. પણ આવા જાત સાથે થતા સવાલ-જવાબો એટલે કે, સંવાદો મને ખૂબ જ ગમે. પછી તે કોઈની સાથે થતા હોય કે સ્વયં સાથે થતા હોય.

સંવાદની એક જુદી જ મઝા છે, તેમાં પણ સંવાદિતા સધાતી અનુભવાય તેનો તો વળી ઑર આનંદ. સંવાદ એક હૃદયને બીજા હૃદય જોડે જોડતો સેતુ છે. આપણું મહાન પુસ્તક ગીતા પણ કૃષ્ણ-અર્જુનના સંવાદોથી જ શરૂ થાય છે ને? અને તે પહેલાં તેના રચયિતાએ સ્વયં સાથે કેટલો સંવાદ કર્યો હશે! પણ આ સંવાદની વાતને આગળ વધારું તે પહેલાં એક બીજી વાત કરી લઉં.

મારા ગયા પત્રથી શરુ થયેલ મૌનની વાત, પર્વતોની હારમાળા પર પડતા પડઘાની જેમ વિવિધ રીતે ઝીલાઈ. રાજુલબહેન અને પ્રીતિબહેન તો ખરાં જ પણ અલકેશભાઈએ પણ સુંદર પ્રતિસાદ આપ્યો. જુગલભાઈએ તો આ વાચનસુખના ઓડકારની વાત કરી ચહેરો ચમકાવી દીધો! જાણે અરીસો ધરી દીધો. કલ્પનાબહેને પણ સુંદર રીતે મૌનની વાતમાંથી 'બંબા'ની સ્મૃતિ દ્વારા વિસરાતા શબ્દનો વળાંક લીધો. બંબાની સાથે બૂઝારું, ડોયો,ટોયલી,ટીમણ જેવા કંઈ કેટલાયે ભુલાયેલ શબ્દો આંખ સામે આવી તરવર્યા. મઝા આવી વાંચવાની. મિત્રો, સાવ સાચી વાત છે કે પત્રો ખૂબ જીવંત લાગે છે અને તેમાં પણ સર્જનાત્મક તત્ત્વોનો સ્પર્શ મળે ને ત્યારે તો ધન્યતા જ અનુભવાય.

અગાઉ એક પત્રમાં રાજુલબહેને પ્રિયકાંત મણિયારની કવિતાનું સુંદર રસદર્શન કરાવ્યું હતું. તેમાંથી કાવ્યસર્જનની પ્રક્રિયાનો એક વિચાર તણખાની જેમ આવીને ઊડી ગયો હતો. પછી જુગલભાઈના પત્રથી ફરી એ વિચાર ચિનગારીની જેમ સળવળ્યો હતો અને હમણાં રીલ્કેનું એક પુસ્તક વાંચી રહી છું, જેનાથી એ વિચારને વધુ હવા મળી. રસદર્શનની જેમ જ કાવ્યસર્જનની પ્રક્રિયા પોતે પણ એક રસનો વિષય છે. તે વિશે એક બહુ સુંદર વાંચેલી વાત યાદ આવે છે. જાણીતા લેખક શ્રી રજનીકુમાર પંડ્યાએ તેમના એક લેખમાં વર્ષો જૂનો કોઈનો પત્ર ટાંક્યો હતો કે,"પ્રસૂતિવેળાએ જેમ માતાના ઉદરમાં બાળક ફરકે છે તેવી જ કોઈ મનોદશા કવિતાની પ્રસૂતિ વેળાએ અનુભવાય છે. અવતરનાર કાવ્યબાળકની આસપાસ પણ અનુભૂતિની ઓર વીંટળાયેલી હોય છે. આ ઓરમાંથી બહાર આવેલ પ્રસવ પછીની પ્રસન્નતા પણ નિરાળી હોય છે." એટલે કે, અનુભૂતિ એક વાર વ્યવસ્થિત રીતે પ્રગટ થઈ જાય પછી ખૂબ સારું લાગે. કેવી સાચ્ચી વાત છે નહીં ?

હવે આ બાબતમાં હું સહેજ આગળ વધીને એમ પણ કહીશ કે, ચારેબાજુ લોહીમાંસથી ખરડાયેલા બાળકને, જેમ નર્સ કપડાંમાં વીંટાળી, પાણીથી કે સ્પંજથી ચોખ્ખું કરી, અંગોને સરખાં ગોઠવી, વ્યવસ્થિત રીતે લપેટીને પરિવારના હાથમાં આપે છે ને ? બરાબર તે જ રીતે કવિતાને પણ જન્મતાંવેંત ધરી દેવાને બદલે થોડી માવજત કરીને પછી જ રજૂ થાય તો એનાં સાચા રૂપનાં દર્શન થાય. બીજી રીતે કહું તો, થાળીમાં પડેલાં રંગબેરંગી ફૂલો, લાગે તો ખૂબ જ સુંદર પણ જો એનો ગજરો ગૂંથવો હોય કે એની વેણી બનાવવી હોય તો એને એક નિશ્ચિત 'પેટર્ન'માં ગોઠવવી પડે. તો એ વધુ મનમોહક લાગે ને? તો જ એની મહેક પણ ભીતર સુધી પહોંચે ને સ્પર્શે. કવિતાનું પણ એમ જ છે. જુગલભાઈ, આવી વાતો ક્યારેક નિબંધ જેવી લાગે કે કદીક લેખ જેવી ભાસે. પણ લખાય છે તો સરખા રસરુચિવાળા મિત્રોને સંબોધીને જ ને ? અને એની આપલે પણ એવી જ રીતિ-રસમથી થાય છે. પત્રસ્વરૂપની આ જ તો ખૂબી છે અને સુંદરતા પણ. એ સ્પર્શે છે, જ્ઞાનેન્દ્રિયોની આસપાસ ફરે છે

# આશાવર્કર બહેનો હડતાલ પર ઉતરી:કડીમાં ૨૫૦૦નો વધારો કે ઈન્સેન્ટિવ ન ચુકવાતા આશાવર્કરોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું



ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આશાવર્કર બહેનોને લઘુત્તમ વેતન કે ફિક્સ પગાર આપવાની જગ્યાએ આપવામાં આવતી ઈન્સેટિંવ રકમો ન ચૂકવતા સહિતની માગણીઓ સાથે કડી તાલુકાના ૨૫૦થી પણ વધુ આશાવર્કર બહેનો બે દિવસ કામથી અળગા રહીને હડતાલ ઉપર ઉતર્યા હતા. તેમજ વિવિધ માગણીઓ સાથે કડી મામલતદાર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને મામલતદારને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.કડીમાં આશાવર્કર અને આશા ફેસીલીટર બહેનો દ્વારા શુક્રવારે કડી કરણનગર રોડ ઉપર આવેલ સેવા સદન ખાતે મામલતદારને વિવિધ માગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું હતું. છેલ્લા ઘણા સમયથી આશાવર્કર બહેનો અને આશા ફેસીલીટર બહેનો દ્વારા રાજ્ય સરકારને વિવિધ માગણીઓ કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કેટલીક માગણીઓ સ્વીકારાઈ ન હતી. તેમજ તેનો ઉકેલ ન આવતા ફરીથી આશાવર્કર બહેનો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સાથે સાથે શુક્રવાર અને શનિવારે બેનો કામથી અળગા રહીને હડતાલ ઉપર ઉતર્યા હતા.

રાજ્ય સરકારમાં બહેનો દ્વારા છેલ્લા ઘણા સમયથી વિવિધ માગણીઓ લઈને રજૂઆત કરવામાં આવેલી છે, પરંતુ હજુ સુધી કેટલાક પ્રશ્નોનું નિરાકરણ આવેલ નથી. મોબાઈલ ડેટા એન્ટ્રી સહિતની મુખ્ય કામોનો બોજ વધતો જાય છે અને તે પ્રમાણમાં સરકાર દ્વારા બહેનોને વળતર ચૂકવવામાં આવતું નથી. ગુજરાત રાજ્યની ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી પહેલા સમાધાન કરેલું, પરંતુ તેનો પૂર્ણ અમલ થયો નથી. આશાવર્કર બહેનોને છ માસથી વધુ સમયથી રૂપિયા ૨૫૦૦નો વધારો કે ઈન્સેંટિવ રકમો ન ચુકવાતા બહેનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વિવિધ માગણીઓ સાથે કડીના કરણનગર રોડ ઉપર આવેલ સેવા સદન ખાતે મહિલાઓએ મામલતદારને આવેદન સુપ્રત કર્યું હતું.કડી તાલુકાના વિસતપુરા ગામે આવેલી પી.એસ.સી.માં આશાવર્કર ફેસીલીટર તરીકે ફરજ બજાવતા સેજલ પટેલે જણાવ્યું હતું કે, અગાઉ અમે રેલી પણ નીકાળી હતી, પરંતુ હજુ સુધી અમારા પ્રશ્નોનું કોઈ જ નિરાકરણ આવ્યું નથી. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા જે બજેટ બહાર પાડવામાં આવેલું છે. તેમાં પણ અમારો સમાવેશ ક્યાંય પણ કરવામાં આવેલો નથી અને લોલીપોપ જેવું બતાવવામાં આવેલું છે. સરકાર દ્વારા આયુષ્યમાન કાર્ડ આપવાની વાત કરેલી હતી, પરંતુ જે બહેનો ગામેગામ ફરીને આયુષ્યમાન કાર્ડ નીકાળી દેતી હોય સો ટકા કામગીરી પૂર્ણ કરતી હોય તે આશા વર્કર બહેનોને આયુષ્યમાન કાર્ડ આપી લોલીપોપ બતાવો છો, તે તો તદન ખોટું છે.૧૬ અને ૧૭ તારીખે અમે લોકોએ હડતાલ કરેલી છે અને અમારી માગણીઓ પૂરી નહીં થાય તો આના કરતાં પણ વધારે લાંબી હડતાલ ઉપર અમે ઉતરીશું. યુનિફોર્મની માંગણી, તેમજ પગાર વધારાની માગણી મોબાઈલમાં જે કામગીરી કરાવે છે તે નેટ અમે અમારા ઘરનું વાપરીએ છીએ. તોમ જણાવ્યું હતું. અઢીસોથી પણ વધુ બહેનો હડતાલમાં જોડાયેલી છે

કડી અર્બન હેલ્થ સેન્ટરમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતા દીપિકાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, હું ૧૪ વર્ષથી કામ કરું છું પરંતુ જે મહેનતાણું મળવું જોઈએ તે મળતું નથી. આખો દિવસ કામ કરાવે છે, પરંતુ જે મળવું જોઈએ લઘુતમ વેતન મળતું નથી. આંગણવાડી બહેનોને જેમ કાયમિકમાં સમાવેશ કરવામાં આવેલો છે તે રીતે અમને પણ કરવામાં આવે. તેમજ ઉપરથી એટલું બધું દબાણ કરવામાં આવેલી છે કે આખો દિવસ તમે લોકો કામ કરો કામ કરવા માટે અમારી જાતે મોબાઈલ લાવવા પડે છે અને જાતે જ બિલ ભરવું પડે છે. જે વધારાનું કામ કરાવે છે સરકાર તેનું કંઈ ઈન્સેંટિવ અમને મળતું નથી અને ઈન્સેંટિવ પ્રથા બંધ કરો અને લઘુતમ વેતન ચાલુ કરો સહિતની માગણીઓ સાથે ૧૦૦થી પણ વધુ બહેનો મામલતદાર કચેરી ખાતે આવી પહોંચી અને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

# ગિરનારની ગોદમાં વર્ષોથી યોજાતા વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રિના મેળાની તૈયારી શરૂ



જૂનાગઢ,તા.૧૭

સૌરાષ્ટ્રમાં આવેલા ગરવા ગઢ ગિરનારની ગોદમાં વર્ષોથી યોજાતા વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રિના મેળાનાં પડઘમ સંભળાઈ રહ્યાં છે ત્યારે દેવાધિદેવ મહાદેવનાં દર્શન કરવા સાથે ભક્તિ અને ભોજનના આ મેળામાં મહાલવા આવતા લાખો શ્રદ્ધાળુઓને ધ્યાનમાં લઈને જિલ્લા વહીવટીતંત્રએ મેળાના આયોજન માટે બેઠક યોજીને તૈયારીઓ શરૂ કરી છે.

સૌરાષ્ટ્રમાં આવેલા જૂનાગઢમાં ભવનાથની તળેટીમાં આ વર્ષે મહાવદ નોમ ને પાંચમી માર્ચે શિવરાત્રિના મેળાનો રંગેચંગે પ્રારંભ થશે. આધ્યાત્મિકતાની સાથે-સાથે પૌરાણિક મહત્ત્વ ધરાવતા શિવરાત્રિના આ મેળામાં લાખોની સંખ્યામાં શિવભક્તો ઊમટે છે. શિવરાત્રિના મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે પ્રાથમિક સુવિધાઓ અને વ્યવસ્થા ઊભી કરવા જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં ગઈ કાલે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક યોજાઈ હતી અને ચર્ચા કરવામાં આવી હતી. ભવનાથ તળેટી વિસ્તારમાં ટ્રાફિક નિયમન, સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા ઉપરાંત આકસ્મિક સ્થિતિમાં ઈમર્જન્સી એક્ઝિટ માટેના રૂટની પણ ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. મેળા દરમ્યાન સ્વચ્છતા જળવાઈ રહે એ માટે વધારાનો સફાઈ સ્ટાફ પણ ઉપયોગમાં લેવામાં આવશે. આ ઉપરાંત શ્રદ્ધાળુઓના આરોગ્ય, ફાયર સેફ્ટી, વીજળી, પરિવહન સહિતના મુદ્દે ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં એ પણ ચર્ચા કરાઈ હતી કે દૂધ, ગૅસ સિલિન્ડર અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રહે.આ બેઠકમાં કમિશનર ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, અધિક નિવાસી કલેક્ટર એન. એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ભૂમિ કેશવાલા, જિલ્લા આયોજન અધિકારી આર. એમ. ગંભીર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શિવરાત્રિનો મેળો સુખરૂપ રીતે યોજાય એ માટેના આયોજન વિશે પરામર્શ કરાયો હતો.

# મહેસાણામાં "આંબલિયાસણ" ક્લસ્ટરની ૧૪ શાળાના ૪૦૬ બાળકો વચ્ચે રમત-ગમત સ્પર્ધા યોજાઈ







આંબલિયાસણ સ્ટેશનમાં મહેસાણા જિલ્લામાં સૌ પ્રથમ વાર વિવિધ શાળાના બાળકોને એક સાથે ભેગા કરીને તેમનામાં રહેલી રમતગમતની પ્રતિભાઓને બહાર લાવવા માટે સ્કિલ ઉત્સવ - ૨૦૨૪ બેનર હેઠળ ત્રણ જેટલી સ્પર્ધાઓ સાથે રમત ઉત્સવ યોજવામાં આવ્યો હતો.મહેસાણા તાલુકાના ગામડામાં અનેક સરકારી શાળા આવેલી છે જેમાં આંબલિયાસણ સ્ટેશનના ક્લસ્ટરમાં ધો ૧ થી ૮ ની ૧૪ જેટલી શાળાનો સમાવેશ થાય છે ત્યારે બાળકોમાં રહેલી રમત ગમતની સ્કીલ બહાર આવે તે માટે સરકાર દ્વારા રમત ગમત માટે વિવિધ ગ્રાન્ટ ફાળવીને સાધનો આપવામાં આવે છે. આ ક્લસ્ટરના સી.આર.સી.કો - ઓર્ડીનેટર અશ્વિનભાઈ ચૌધરી દ્વારા આ સ્કૂલના આચાર્ય સાથે સંકલન કરીને તમામ શાળાના વિદ્યાર્થીઓ માટે સ્કીલ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. સાર્વજનિક વિદ્યાલયના રમત ગમતના મેદાનમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. શરદભાઈ ત્રિવેદી, કેળવણી મંડળના પ્રમુખ જોઈતાભાઈ ચૌધરી, મુકેશસિંહ રાઠોડ, ઈલિયાસભાઈ મનસુરી, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અશ્વિનભાઈ ચૌધરી,આચાર્ય રાકેશગીરી ગોસ્વામી, વિષ્ણુભાઈ ચૌધરી સહિતના શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં. રમતોત્સવ, પાર્થનાવૃંદ, ક્વિઝસ્પર્ધા અંતગર્ત ૨૪ જેટલી સ્પર્ધામાં ૪૦૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, આ પ્રસંગે સતીશભાઈ પ્રજાપતિ, કૌશલ સુથાર, અલ્પાબેન ચૌધરી, યોગેશભાઈ પ્રજાપતિ, સહિતના શિક્ષણગણો હાજર રહ્યા હતા.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું